# ADINET e-News Digest

અમદાવાદ લાયબ્રેરી નેટવર્ક ઈ-ન્યૂઝ ડાયજેસ્ટ

No. 2 November 2014

## ગ્રં.મા.સે સમાચાર

### મોબાઈલ વાનમાં ગ્રંથાલય :-

શ્રી સંતોષ કારલે (35) મોબાઈલ વાનમાં 4500 પુસ્તકો લઈને થાણેના અલગ અલગ વિસ્તારમાં ગ્રંથાલય સેવા આપી રહ્યા છે. આ સેવા છેલ્લા 6 વર્ષથી આપે છે. તેઓ જ્યારે થાણેની શેરીએ શેરીએ લોકોને રવિવારની બપોરે આ ઘેર બેઠા ગ્રંથાલયનો આનંદ આપે છે. ત્યારે તેમના પત્ની સ્વરાજલી કારલે (૩૨). આ વાનનું એરોલીમાં ધ્યાન રાખી સેવા આપે છે આમ એરોલી અને થાણેના નાગરીકોને ઘેર બેઠા ગ્રંથાલયની અનન્ય સેવા મળે છે.

સંદર્ભ :
| http://www.iamin.in/en/thane/news/library-wheels-just-around-corner-45905

---

### પાંચ ચાવીરૂપ મુદ્દાઓ પર ચર્ચા :-

આવતી કાલના વિધાર્થીઓને કેવી રીતે શિક્ષિત કરી શકાય ? આપણે શું શીખવીએ, કેવી રીતે શીખવીએ જેથી સમાજના બધા પાસાંનુ જ્ઞાન મેળવી તેમનું ઉત્તમ ઘડતર થઈ શકે. ખાસ કરીને ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ. અમારા ગ્લોબલ એજન્ડા કાઉન્સીલના તજજ્ઞોએ મળીને આ વિશે ચર્ચા કરી. ચર્ચાના મુખ્ય મુદ્દામાં શિક્ષણ કેમ આપવું, સરકાર અને શિક્ષકો, રોજગાર આપનાર અને વિધાર્થીઓએ કયા મુદ્દાઓ ધ્યાનમાં રાખી, જે તે માળખામાં અપનાવવા જેથી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થઈ શકે.

### ટેકનોલોજીનો પ્રભાવ :-

હાલના યુગમાં તકનીકી વિકાસ ઈન્ટરનેટ અને ઓન લાઈન શિક્ષણ અચંબો પામીએ તે રીતે આગળ વધી રહ્યું છે. મેસીવ ઓપન ઓનલાઈન કોર્સીઝ (MOOCS) જેને વિશાળ કદના મુકત ઓન લાઈન અભ્યાસક્રમો કહી શકાય, તે એક એવી ચીનગારી બની રહેશે. જેનાથી સમગ્ર વિશ્વમાં શિક્ષક વિધાર્થીઓને ઉજાસ આપી શકાશે. એડેકસના વડા પ્રા. અનંત અગ્રવાલ, જેમણે હાવર્ડ અને એમ.આઈ.ટી.ના સ્થાપિત કરેલ તેઓ ઓન લાઈન અભ્યાસક્રમોમાં આપેલા પ્રદાન માટે કહે છે કે “શિક્ષણ ક્ષેત્રે એક અકલ્પનીય ક્રાંતિ આવી રહી છે. સ્થળ સમયના બંધન વગર વૈશ્વિક ધોરણે વિશાળ પ્રમાણમાં મુકત અભ્યાસક્રમો ઓન-લાઈન ઉપલબ્ધ બની દરેકે દરેક વ્યક્તિને અભ્યાસ કરવાની તક

પુરી પાડશે, જેથી શિક્ષણ ક્ષેત્રે અકલ્પનીય ક્રાંતિ આવશે".

યુનિવર્સીટીના અભ્યાસનું પહેલું વર્ષ ઓન-લાઈન કરી પછી કેમ્પસ અનુભવ માટે તૈયાર થઈ જશો અને બે વર્ષના અનુભવ વ્યવસાયની સીધી તકો ઉપલબ્ધ કરશે અને કાયમ તેમાં પ્રગતિ કરતા રહેવાશે.

MOOCS ની અસર શિક્ષણ પધ્ધતિ જ નહી પણ શિક્ષાર્થીના બહોળા વર્ગને આવરી લેશે. તેઓના મતે MOOCS ઘણા મોટા ફલક પર અપ્રત્યક્ષ છતાં પ્રત્યક્ષ શિક્ષણની અનુભૂતી આપશે. વળી, ખુબ ઓછા ખર્ચે વિકાસશીલ દેશોને પુરૂ પડશે. તે પણ તેઓ જેને લેન્ડલાઈન જનરેશન કહે છે તેને આવરીને, ખાસ કરીને ભારત, કઝાકીસ્તાન અને આફ્રિકાના આર્થિક રીતે વિકસતા દેશોમાં જયાં મોબાઈલ ફોનજ સંચારનું પ્રાથમિક માધ્યમ હોય. તેમના મતે મોટી સંખ્યામાં ઇન્ટરનેટ માધ્યમ અને સસ્તા દરના ટેબલેટ ઉપલબ્ધ કરાવવાથી ઘડતર ઈંટ-ચૂના જેવું મળી રહે.

તેઓ કહે છે કે આ એક સબળ સાધન છે અને તેનો ઉપયોગ અને નિયમન કરવું જરૂરી છે અને તેને માટે વ્યકિતગત ફાયદો જોયા વગર સમાજ સુધાર માટે સાથ – સહકાર આપવો જોઈએ. આપણાથી જે પણ રીતે ઉપયોગી કરી શકાય તે કરવું જોઈએ.

## વધતુ વૈશ્વિકરણ :-

MOOCs એ વૈશ્વિક રીતે શિક્ષણના બધા પ્રશ્નોને હલ કરી શકશે તેમ મનાય તેમ નથી, પરંતુ ટેકનોલોજી અને ઓન-લાઈન શિક્ષણનો અતિ બહોળો વિકાસ વિશ્વરુપ શિક્ષણ વર્ગને પહોંચી વળવાનો એક માત્ર ઉપાય છે. સિંગાપોરની નેશનલ યુનિવર્સીટીના પ્રોફેસર ટેન કોહેન ચોનના મત નીચેના મુદ્દે ધ્યાન આપવું ઘટે.

## વહીવટી પ્રશ્નોને પહોંચી વળવા સમાન માનકો :-

શિક્ષણના પ્રશ્નને વૈશ્વિક રીતે પહોંચી વળવા ચોકકસ માનકો અને માળખાં અપનાવવાના રહેશે જે વિધાલયો, ઉધોગો, MOOCs અને બીજા શૈક્ષણિક મંચોએ અપનાવાના રહેશે.

રેનસેલર પોલીટેકનીક ઈન્સ્ટીટયુટના વડા ડો. શર્લી એન જેકસનના મતે આ 'નવા પોલીટેકનીક'માં આપણે શિક્ષણ આપવું પડશે જેમાં શિક્ષણ માહિતી, કોમ્પ્યુટર પાવર અને વૈશ્વિક પ્રસાર માધ્યમો સાથે કામ કરવાનું રહેશે.

ડો. જેકસનના મતે આવનાર સમયમાં શિક્ષણ, ઉધોગો – વ્યાપાર અને રાજકારભાર સારી રીતે ચલાવવા અધતન માહિતી ટેકનોલોજી અને સંચાર માધ્યમોની સહાયથીજ શકય બનશે. ડેટા એ ૨૧મી સદીનું કુદરતી સ્રોત ગણાશે અને તેની યોગ્ય શોધ, સંચાલન જાળવણી અને રક્ષણ કરવાથી તેનો મહત્તમ લાભ લઈ શકાશે.

બદલાવનો દોર શરુ થઈ ગયો છે ત્યારે ડો. જેકસનના કથનને સમજીએ. તેણીના મતે આપણે આવનાર પેઢીને એટલા બુધ્ધિ ચાતુર્યથી  સમર્થ બનાવવીજ પડશે.

ડો. મોના મોર્શડ, મેક કીન્સી એન્ડ કં.ના ભાગીદાર માને છે કે હુનરવાળા લોકોની ભવિષ્યની માંગને પહોંચી વળવુ જરૂરી છે. આપણે શિક્ષણની નબળાઈઓનો ઈલાજ કરવા ઝડપી પ્રશિક્ષણ અને તેને માટેના માળખાં ઘડવાના રહેશે. તેણીના કથનમાં પ્રો. અગ્રવાલના સિધ્ધાંતોનો પડઘો પડે છે જેથી પરંપરાગત વિધાક્ષેત્ર વગર પણ શિક્ષણ મેળવી શકાય.

બદલાતો પણ ઓળખાયેલો શિક્ષણનો રહેશે. સમાજની જરૂરીયાતો પ્રમાણે શિક્ષણમાં તબદીલી ઝડપભેર આવી રહી છે. ટેકનોલોજી, MOOCs અને ઉધોગ મળીને આ ક્રાંતિ આવશે જેની સાથે પરંપરાગત શિક્ષણનું પીઠબળ રહેશે.

સંદર્ભ : Five key debates for the future of education

---

## શૈક્ષણિક માહિતી માટે સીંગલ વિન્ડોવાળુ સરકારી ફલક

'નો યોર કોલેજ' નામનું માળખુ જેનાથી કરોડો લોકોને શૈક્ષણિક માહિતી મળી રહે. માનવ સંસાધન વિકાસ મંત્રાલય (HRD) એક એવું ફલક વિકસાવશે, જેથી કરોડો ધાર્થીઓને તેમની જરૂરી શૈક્ષણિક માહિતી એક વિન્ડોવાળા ફલક પર મળી રહે. આ ફલક મંગળવારે પ્રસ્થાપિત થશે.

૧૧મી  નવેમ્બરે રાષ્ટ્રીય શિક્ષણ દિન તરીકે મનાવાય છે ત્યારે આ ફલક રજૂ થશે. ગુજરાતમાં  પણ એક આવું ફલક ખુલ્લુ મુકાશે. જેમાં વિધાર્થીઓ, વહીવટદારો અને તજજ્ઞોને ઉપલબ્ધ હશે. આમાં ફેકલ્ટી કક્ષાની જરૂરી માહિતી, પ્રયોગો માટેની માહિતીથી  માંડીને એડમીશન માટેની માહિતી સુધ્ધા આ સીંગલ વિન્ડો ફલક પર મળી રહેશે.

મંત્રાલય માને છે કે આ ફલકથી પ્રશાસનની પારદર્શીતા વધશે અને શિક્ષણનું સ્તર ઉચું જશે. એવી અનેક સંસ્થાઓ છે જેને અને જેના વિશે માહિતી મળતી નથી તે આ ફલકથી શકય બનશે.

યુજીસી (UGC) ની નીશ્રામાં ૩૫,૮૦૦ કોલેજો અને ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ઓફ ટેકનીકલ એજયુકેશનની (AICTE) નીચે ૧૦,૦૦૦થી વધુ સંસ્થાઓ છે તે સર્વે આ એક ફલક્નો લાભ લઈ શકશે.

માહિતી ઉત્તરદાયિત્વ અને ફરીયાદ નીવારણ એ આના ત્રણ મુખ્ય પાયા રહેશે. અધિકારીના જણાવ્યા પ્રમાણે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને HRD મંત્રી સ્મૃતિ ઈરાનીની હાજરીમાં આની શરૂઆત કરવામાં આવશે. મંગળવારે આ સાથે મંત્રાલય ઉન્નત ભારત અભિયાન પણ શરુ કરશે જેમાં

દેશના દરેક IITS દરેક દસ દસ ગામડાંને દત્તક લઈ ટેકનોલોજી સક્ષમ બનાવશે.

સરકાર એવી પણ યોજના ઘડી રહી છે જેમાં ૯ થી ૧૨ ધોરણ સુધી ક્રેડીટ ટ્રાન્સફર થાય જે અભ્યાસ અને વ્યવસાય વચ્ચે કડી જોડી આપે અને વિદ્યાર્થીને વિધિવત અને હુનરયુકત બન્ને શિક્ષણ આપવામાં મદદરૂપ થાય. ૫મી નવેમ્બરે ઈરાનીએ આ ઈકોનોમીક સમીટ જે વલ્ડ ઈકોનોમીક ફોરમમાં રજુ થઈ અને મીન્ટ રેપોર્ટમાં રજુ થયું તેમાં જણાવ્યું.

સંદર્ભ | Mint – The Wall Street Journal | 11 November 2014

## ટુંક સમયમાં યુનિવર્સીટી લેકચર્સ 3Dમાં

મુંબઈ યુનિવર્સીટી જણાવે છે કે ઉચ્ચ કક્ષાના દ્રષ્ટ અને શ્રાવ્ય વ્યાખ્યાનો સંલગ્ન કોલેજોને ટુંક સમયમાં ઉપલબ્ધ કરાવાશે. પહેલાં જે વ્યાખ્યાનો, પ્રયોગો, ડીસેકશન વગેરે પ્રસારીત થતું હતું તેના કરતાં વધુ સારૂ હાઈ ડેફીનેશન અને 3D પ્રસારણ ઉપલબ્ધ કરાવાશે. આ પ્રસારણ સ્થળ સમયની મર્યાદા વગર ગ્રામ્ય વિસ્તારોમાં પણ સેટેલાઈટ દ્વારા ઉપલબ્ધ થશે. આ માહિતી કે જે સોમૈયા કોલેજના પ્રીન્સીપાલ વિજય જોશી અને ડેપ્યુટી રજીસ્ટ્રાર લીલાધર બાન સોદ દ્વારા અપાઈ હતી.

સંદર્ભ | Times of India | 11 November 2014

## ડીજીટલ ઈન્ડિયા તરફ પગરણ

ગુજરાત લાયબ્રેરીઝના ૭૦,૦૦૦ પુસ્તકોને ઈ બુકસ કરવાનો પ્રયાસ ગુજરાત ડીરેકટર ઓફ લાયબ્રેરીઝ (DoL) કરી રહ્યા છે.
આ પુસ્તકોને e-લાયબ્રેરી રીડર દ્વારા વાચકોને ઓન લાઈન ઉપલબ્ધ કરાવાશે. આ ઉપરાંત મોબાઈલ એન્ડ્રોઈડ એપથી પણ તે વાંચી શકાશે. ૧.૯૫ કરોડ પાનાં ઈ-ફોરમેટમાં બે થી ત્રણ મહિનામાં ઉપલબ્ધ થશે તેમ અધિકારીઓનું કહેવું છે.

ડીરેકટર ડો. વર્ષા મહેતા કહે છે આ ૭૦,૦૦૦ પુસ્તકોનાં પાનાં સ્કેન કરી PDF ફોરમેટમાં ફેરવાશે જેથી તેનું અન-અધિકૃત કોપીંગ ન થઈ શકે.

DoL નિયમાનુસાર e-લાયબ્રેરી રીડર (ELR) PC અને સ્માર્ટ ફોન બન્ને માટે સોફટવેર બનાવશે.
ટેકનોલોજીનો ઉપયોગ બહોળા પ્રમાણમાં વાચકોને પહોંચશે અને અલભ્ય પુસ્તકો પણ આમાં ઉપલબ્ધ બનાવી શકાશે તેમ DoL ના ડી. કે. શાહનું કહેવું છે.

શાહનું એવું પણ કહેવું છે કે માત્ર અંગ્રેજી જ નહીં પણ ગુજરાતી પુસ્તકો પણ e-ફોરમેટમાં ઓન લાઈન મળશે.
સંદર્ભ
| http://news.oneindia.in/india/a-move-towards-digital-india-gujarat-libraries-convert-books-into-ebooks-1556969.html

## ચાંદની ચોકની બે દસકા જૂની લાયબ્રેરીએ અલભ્ય પુસ્તકો લભ્ય કર્યા.

AP The લાયબ્રેરી ૧૫૦ વર્ષથી વધુ જૂના પુસ્તકો ધરાવે છે જેમાં છેલ્લા મોગલ બાદશાહ બહાદુરશાહ ઝફરનો કવિતા સંગ્રહ અને ૯૦ વર્ષ જુની સંસ્કૃત અને ઉર્દૂ ભગવત ગીતા છે. આ બે દાયકા પહેલા શરુ થયેલી અને આમાં લાલ કીલ્લાના રોયલ પ્રેસના પંજાબી પુસ્તકો પણ છે. દિલ્હીના ચાંદની ચોકની ઈમલી ગલીમાં જામા મસ્જીદ પાસે આવેલ ‘શાહ વલીહા‘ લાયબ્રેરીમાં હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ, પર્શીયન, અંગ્રેજી, અરેબીક જેવી અનેક ભાષાના ૧૫,૦૦૦થી વધુ પુસ્તકો છે. હવે આ સંસ્થા દિલ્હી યુથ વેલફેર એસોસીએશનના મોગલ સલ્તનતના છેલ્લા વારસ સિકંદર ચંગીઝી સંભાળી રહ્યા છે.

તેઓ કહે છે કે એ રાજવી કુટુંબના હોવાથી તેમનો ૨૦૦૦ અલભ્ય પુસ્તકોનો વારસો દાનમાં આપેલો છે. તેમાં કાઝી સૈયદ અલીની પર્શીયનમાં લખેલ “સૈર ઉલ એકતાબ“ જે ૨૨૫ વર્ષ જૂની છે અને સૂફીનું શિક્ષણ આપતું પુસ્તક પણ છે. આ લુપ્તપ્રાહ્ય સંગ્રહનો ઉપયોગ કરવા પૂરા ભારત વર્ષ અને આંતરરાષ્ટ્રીય સંશોધકો કરે છે.

---

## ભારતીયો e-બુકસના પ્રમાણમાં છાપેલ પુસ્તકોના હિમાયતી છે.

તાતા લીટરેચર લાઈવ સર્વે ૨૦૧૪ અનન્વયે તારણ છે કે ભારતીયો ડીજીટલ સ્વરૂપ કરતાં છાપેલ પુસ્તકો વધુ પસંદ કરે છે. તાતા ગ્રુપાના તારણ અનુસાર સાહિત્ય, ટેકનોલોજી, સમાજ અને વિનયનના ભારતીય વાચન રસીકો છાપેલ સાહિત્ય વધુ પસંદ કરે છે.

મુંબઈ લીટ ફીસ્ટના ડાયરેકટર અનિલ ધારકરના મંતવ્યે ભારતીય વાચકોનો આ સાહિત્ય પ્રેમ જોઈ એમને તાતા લીટરેચર લાઈવ લીટ ફીસ્ટને ચાલુ રાખવા પ્રોત્સાહન મળી રહ્યું છે.

મુંબઈના આ પાંચમા આંતરરાષ્ટ્રીય ઉત્સવમાં વિશ્વભરના જાણીતા લેખકો અને તેમની રજુઆતોને નરીમાન પોઈન્ટના નેશનલ પર્ફોમીંગ આર્ટ સેન્ટરમાં તાતા લીટરેચર લાઈવે, ભેગા કર્યા. સૌ પ્રથમ વાર પૃથ્વી થીએટર અને ધ ઈઝલ જૂહુના સંયુક્ત ઉપક્રમે એક ચેતનવંતી ચર્ચા, વ્યાખ્યાન અને રચનાત્મક રજુઆતની શૃંખલા યોજાઈ અને વૈશ્વિક ધોરણે સાહિત્યક સંવાદને વાચા આપી રહી છે. આમાં ઈંગ્લેન્ડ, યુ.એસ.એ , જર્મની , ઈઝરાઈલ , ઈટાલી, આર્યલેન્ડના કસબીઓને ફલક મળ્યું.

સંદર્ભ | http://netindian.in/

---

## વાય.સી.એમ. ઓપન યુનિવર્સીટી ૩૫૦ પાઠયપુસ્તકોને ઓન લાઈન ઉપલબ્ધ કરશે.

વાય.સી.એમ. ઓપન યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર માણીકરાવ સાળુંકે જણાવે છે કે યુનિવર્સીટી ૩૫૦ જેટલાં પાઠય પુસ્તકો ઓન લાઈન ઉપલબ્ધ કરશે અને નાસીકના મુખ્ય મથકથી મોબાઈલ એપ દ્વારા આની સાથે અભ્યાસક્રમ અને પરીક્ષાનો કાર્યક્રમ પણ જાણી શકાશે, જે સસ્તુ અને સગવડપૂર્ણ બનશે. સૂચનાઓ એસ.એમ.એસ. થી જણાવાશે.

## સરખી શરૂઆત

આ વર્ષે સપ્ટેમ્બર માસમાં કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રાલયે મેસીવ ઓપન ઓનલાઈન કોર્સ (MOOCS)ની શરૂઆત “સ્વયમ”ના ફલક પર કરી. તેના ભાગરૂપે કેન્દ્રીય સહાય મેળવતી સંસ્થાઓ જેમ કે IITs, IIMs , ઍણે કેન્દ્રીય વિશ્વવિધાલયો બધા ભારતીયોને ઓનલાઈન કોર્સીઝ વિના મુલ્યે આપશે.

ત્યાર બાદ HRD મંત્રાલય સાથે USના રાજય કક્ષાના ખાતાએ USની જે યુનિવર્સીટીઝ અનુસ્નાતક કક્ષાના જે અભ્યાસક્રમો ઉપલબ્ધ કરી શકે તે આપશે અને તેનું પ્રમાણપત્ર “સ્વયમ”નું રહેશે.

ગયા વર્ષે HRD મંત્રાલય અને NCERT એ સંયુકત રીતે નેશનલ રીપોઝીટરી ઓફ ઓપન એડયુકેશનલ રીસોર્સીઝ (NROER) મુકત રીતે શાળા વિધાર્થીઓ જે ક્રીએટીવ કોમન લાયસન્સ અન્વયે મેળવી શકે. આ માહિતી ભંડારમાં નકશા, દ્રષ્ય શ્રાવ્ય કલીપો, શ્રાવ્ય પુસ્તકો, બીજા મલ્ટી મીડીયા શિક્ષણ સાધનો, ફોટોગ્રાફસ, આલેખપટ, લેખો, વિકીપેજીસ અને પાઠયપુસ્તકો વિવિધ સ્તરના અને ભાષાના ઉપલબ્ધ છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એડયુકેશન (CBSE) એ પાંચ આંતરરાષ્ટ્રિય અને રાષ્ટ્રિય પ્રકાશકો સાથે અંગ્રેજી, વિજ્ઞાન, સમાજ વિજ્ઞાન અને ગણિત માટે ભાગીદારીમાં ઓગસ્ટ ૨૦૧૩થી જવાબદારી લીધેલી.

સંદર્ભ |http://www.medianama.com/2014/11/223-ycm-open-university-online-textbooks/

---

## ભરતીય મૂળના શૈક્ષણીક તજજ્ઞોનો ડેટાબેઝ બનાવવાનું HRD મંત્રાલયનું સાહસ

કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય પરદેશમાં વસતા ભારતીય મૂળના શૈક્ષણિક તજજ્ઞોની યાદી બનાવશે જેથી કરીને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રાધ્યાપકો અને બીજા શિક્ષણવિદોની ન પૂરાએલી જગ્યાઓ માટે શિક્ષણવિદો આમંત્રિ શકાય. આ નિર્ણય દિલ્હીના નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (NIT) ઓફ ઈન્ડિયા ના ઉપક્રમે યોજાયેલ બે દિવસના પરિસંવાદમાં ગયા અઠવાડીએ લેવાયો હતો.

સંદર્ભ | Hindustan Times | 5 November 2014

## ગુગલ દ્વારા ભારતીય ભાષાઓના વિકાસ અર્થે સંગઠીત પ્રયાસ

ગુગલ હિન્દી માટે સ્પીચ રેકઝીશન ટૂલ (ઉચ્ચારણ ઓળખ સાધન)ની સહાયથી મહત્વની ભારતીય ભાષાઓ જેવી કે બંગાળી, તામીલ અને મરાઠી ૧૫ મહિનામાં રૂપાંતરીત કરશે અને પછી બીજી ભારતીય ભાષાઓ માટે પણ તે ઉપલબ્ધ થશે.

અંગ્રેજી નહી જાણતી ૬૦ ટકા વસ્તીને ઈન્ટરનેટ પર આ સુવિધા મળી શકશે. ગુગલના આ સંગઠનને ઈન્ડિયન લેંગ્વેજ ઈન્ટરનેટ એલાયન્સ (ILIA) કહે છે ભારતીય હીતચિંતક બધી ભાષામાં કામ કરશે. વિશ્વનો જ્ઞાન ભંડાર સમગ્ર વિશ્વને મળી રહે તે માટે આ સુવિધા મોબાઈલ પર પણ મળી શકે તેવો ગુગલનો હેતુ છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયના મંત્રી પ્રકાશ જાવડેકર કહે છે કે આ રીતે ૫૦૦ મીલીયન લોકોને ઈન્ટરનેટથી જોડી શકાશે.

સંદર્ભ | Business Line | 4 November 2014

## એચ. એમ. એલ.ની સાહિત્ય અને વિચારોની ઉઠાંતરીને રોકતા સોફ્ટવેરની લીન્ક

વડોદરાની હંસા મહેતા લાયબ્રેરી, એમ. એસ. યુનિવર્સીટીએ તેના હોમપેજ પર બે સોફ્ટવેરની લીન્ક આપી છે જે મૌલિક વિચારોની ઉઠાંતરીને રોકી શકે છે.

યુ.જી.સી.ની નીશ્રામાં ચાલતા INFLIBNET ઈન્ફર્મેશન લાયબ્રેરી નેટવર્ક દ્વારા આ બે સોફ્ટવેર એમ.એસ.યુનિવર્સીટીને પ્રાપ્ત છે. Turnitin અને iThenticate મૌલીક વિચારોની છેડખાની ને રોકી શકશે. શૈક્ષણિક ક્ષેત્રે આ ખુબ ઉપયોગી થશે.

સંદર્ભ | Times of India | 3 November 2014

## નવી શૈક્ષણીક નીતિ આવતા વર્ષે લાગુ થાય.

કોચીના નેડુમ્બાસેરી નજીક એક સી.બી.એસ.ઈ.ની શાળાના વિદાય સમારંભમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય મંત્રી સ્મૃતિ ઈરાનીએ વિશ્વાસ અપાવ્યો છે કે નવી નીતિથી આપણા ભારતનું ભવિષ્ય આપણા હાથમાંજ છે.

સંદર્ભ | Economic Times | 3 November 2014

## વિશ્વ ગ્રંથાલય વિજ્ઞાન

મીલેનીયમ સાયન્સ એન્ડ એડ્યુકેશન સાથે મળી યુનેસ્કોએ વર્લ્ડ લાયબ્રેરી ઓફ સાયન્સ નામથી ઓનલાઈન શૈક્ષણીક સ્રોત શરુ કર્યો છે. તેમાં જોડાનાર વિદ્યાર્થીઓને તેમના જેવા બીજા સાથે ચર્ચા કરી શકાય

છે અને પોતાના અભ્યાસનું અનુકુળ વાતાવરણ ઉભુ કરી શકે છે.

સંદર્ભ |

http://newsbreaks.infotoday.com/Digest/World-Library-of-Science-Aims-to-Open-Science-to-All-Students-100460.asp

## અભિનંદન

આઈ. આઈ. એમ. અમદાવાદના શ્રી ઉપેન્દ્રકુમાર પી. પંડયાને આર. જી. શાહ સાયન્સ કોલેજ વાસણાના ડો. જી. એસ. પટેલના માર્ગદર્શન હેઠળ, ગુજરાત રાજયના મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટના વાચકોની સંતોષજનક માહિતી સેવાના વિષય સાથે પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી. ની પદવી મેળવવા માટે અભિનંદન આપતાં અમને આનંદ થાય છે.

ગુજરાત હાઈકોર્ટ, જજીઝ લાયબ્રેરીના લાયબ્રેરીયન શ્રીમતી ગીતા પુરુષોત્તમભાઈ પંડયાએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી. ની પદવી મેળવી છે. તેઓએ આર. જી. શાહ સાયન્સ કોલેજના ડો. જી. એસ. પટેલના માર્ગદર્શન હેઠળ ' ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ : લાયબ્રેરીના સાયન્સ' વિષય પર કામ કર્યુ છે, તેમને અભિનંદન.

## દુ:ખદ અવસાન

તા. ૨૭/૧૧/૨૦૧૪ના રોજ DA-IICT, ગાંધીનગરનાં ગ્રંથપાલ શ્રી સતીષ દેશપાંડેનું આકસ્મિક અવસાન થયેલ છે. જેમણે બ્રીટીશ લાયબ્રેરીમાં ગ્રંથપાલ તરીકે નોંધનીય સેવાઓ આપેલ તેમજ ADINET માં પણ ઘણાં સમય સુધી તેમની સેવાઓ આપેલ હતી. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેમજ તેમના કુટુંબીજનોને આ આકસ્મિક આવેલ આપત્તિ સહન કરવાની શકિત આપે.

## આગામી પરિસંવાદો

ફ્રેન્ચ ઈન્સ્ટીટયુટ ઓફ પોંડીચેરી અને **DELNET** નવી દિલ્હી સંયુકત રીતે ૯-૧૧ ડીસેમ્બર ૨૦૧૪ દરમ્યાન પોંડીચેરીની હોટેલ અનાધા ઈનમાં પરિસંવાદ યોજેલ છે જેનો વિષય છે 'બીલ્ડીંગ કલેકશન ટુ મેકીંગ કનેકશન : ટ્રાન્સફોમીંગ લાયબ્રેરીઝ ઈન ધ નોલેજ એરા'.

એન. બી. ટી. **(**નેશનલ બુક ટ્રસ્ટ**)** દ્વારા ૧૪ થી ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન વર્લ્ડ બુક ફેરની ઘોષણા કરવામાં આવી છે, જે ઈન્ડિયા ટ્રેડ પ્રમોશન ઓરગેનાઈઝેશન (ITPO) સાથે મળીને યોજશે. ITPO એ ભારત સરકારનું વ્યાપાર મંત્રાલયનું સાહસ છે.

૧૦મી આંતરરાષ્ટ્રિય કેલીબરનું આયોજન માર્ચ ૧૨-૧૪, ૨૦૧૫ દરમ્યાન સીમલા ખાતે થશે. INFLIBNETનો વાર્ષિક પરિસંવાદ હિમાચલ પ્રદેશ યુનિવર્સીટી અને ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ એડવાન્સ સ્ટડી દ્વારા સંયુકત રીતે યોજાશે. તેનો મુખ્ય વિષય ઈનોવેટીવ

લાયબ્રેરીયનશીપ એડપ્ટીંગ ડીજીટલ રીયાલીટી. વધુ વિગત માટે http://www.inflibnet.ac.in/caliber 2015/index.php